તમે એક વૃક્ષ અપલોડ કરો, અનેક વાદળો તેને લાઈક કરશે : સાંઈરામ દવે

સે. ૬ ભુવનેશ્વર મહાદેવ ખાતે ગણેશોત્સવમાં હાસ્ય સમ્રાટ સાંઈરામ દવેએ અનોખી જમાવટ કરી : વરસતા વરસાદમાં પણ શ્રોતાઓ ઉમટી પડ્યા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરમાં ચાલી રહેલા ગણેશોત્સવમાં ગઈકાલે સે. ૬ ભુવનેશ્વર મહાદેવ ખાતે સુપ્રસિદ્ધ હાસ્ય કલાકાર સાંઈરામ દવેનો કાર્યક્રમ યોજાયો હતો. રાત્રે કાર્યક્રમના સમયે જ વરસાદ વરસ્યો હોવા છતાં આ હાસ્યના બેતાજ બાદશાહને સાંભળવા મોટી સંખ્યામાં શ્રોતાઓ ઉમટ્યા હતા.

(તસવીર : કશ્યપ નીમાવત)

સતત હાસ્યની છોળો રેલાવતા સાંઈરામ દવેએ તેમની રજૂઆતમાં આગવી માર્મિક શૈલીમાં તદ્દન નવા જ પ્રકારની આઈટમો સાથે કેટલીક અદ્‌ભૂત ટકોર તે પણ નવી પેઢીની ભાષામાં કરી હતી. તેમણે યુવા શ્રોતાઓને ગમ્મત કરાવતા પર્યાવરણના જતનના મહત્વને સમજાવ્યું હતું અને એ માટે કહ્યું હતું કે 'તમે એક વૃક્ષ 'અપલોડ' કરશો તો અનેક વાદળો તેને 'લાઈક' કરશે. આ પ્રકારની માર્મિક શીખ સાથે તેમણે ટેકનોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની સલાહ આપતાં ચિંતા વ્યક્ત કરી હતી કે 'અત્યારના સમયમાં મોબાઈલ જોડવામાં સામે પ્રત્યક્ષ હાજર વ્યક્તિ છુટતા જાય છે.' તેમણે ગણેશોત્સવને લોકમાન્ય બાળ ગંગાધર ટિળકે રાષ્ટ્રભક્તિ અર્થે ચાલુ કરાવ્યો હતો તેની યાદ અપાવતા ગણેશ ભક્તિ સાથે રાષ્ટ્રની ભક્તિનો માહોલ જાળવી રાખવો હૃદયસ્પર્શી અપીલ કરી હતી.

ભુવનેશ્વર મહાદેવ ખાતેના આ કાર્યક્રમમાં ગોંડલની ભુવનેશ્વરી શક્તિપીઠના રવિદર્શન મહારાજ, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણા સહિત શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલ અને કોંગ્રેસ અગ્રણી હિમાંશુ પટેલે પણ હાજરી આપી હતી. સાંઈરામ દવેની એક એ રમૂજ પર પંડાલમાં ઉપસ્થિત સૌ કોઈ હસી હસીને બેવડ વળી ગયા હતા.

મોડાસાની સરસ્વતી કુલ આગળ ખુલ્લા મોતના કુવામાં બાળકો પડવાનો ભય

વારંવાર રજુઆત કરવા છતાં પણ કોઈ કાર્યવાહી નહી

મોડાસા, તા.૩૧

સરકાર ધ્વારા અને સુપ્રીકમ કોર્ટ ધ્વારા આદેશ કરવામાં આવેલ એ ખુલ્લો કુવો આવેલો છે.

અરવલ્લી જીલ્લા ના મોડાસા ના માલપુર રોડ ઉપર આવેલ સરસ્વતી રહેલી છે. જેથી નાના બાળકો ના વાલીઓ તથા સ્કુલ ના આચાર્ય ની માંગણી છે કે આ મોટો કુવો પુરી દેવા ધ્વારા આ કુવો પુરવા વારંવાર રજુઆતો કર્યા પછી પણ આજ દિન સુધી આ કુવો પુરવામાં આવેલ નથી

પરંતુ હાલ અહિયા એક મોટો પ્રશ્ન એ થાય છે કે ભુતકાળ માં પ્રીન્સ નામનો એક છોકરો ભુતકાળ માં રમતા

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

છે કે ઘર આગળ અથવા જાહેર જગ્યા ઓ ઉપર ખુલ્લા કુવા કે બોરવેલ ન રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવેલો છે.અને આ માટે સકરા ધ્વારા કેટલાયે હોર્ડીંગસ લગાવી જાહેરાત કરવામાં આવે છે ત્યારે દિવા તળે જ અંધારૂ હોય તેમ અરવલ્લી જીલ્લા ની મોડાસા ની એક સ્કુલ આગળ જયાં નાના બાળકો ખેલકુદ કરે છે. ત્યા જ વિદ્યામંદિર આવેલુ છે જયાં ધો૧ થી ૧૨ સુધી ના બાળકો અભ્યાસ કરે છે. આ સરસ્વતી સ્કુલ ના ગેટ ની બાજુ માં જ એક મોટો કુવો આવેલ છે. અને તે પણ ખુલ્લો આ કુવો સ્કુલ ની બીલકુલ બાજુ માં જ હોવાથી કેટલીય વાર નાના બાળકો રમતા રમતા આ કુવા ની બાજુ માં પહોચી જાય છે.અને રમતા રમતા આ કુવા માં પડી જવાની સંધાવના માં આવે સરકારી તંત્ર ને પણ આ અંગે વારેવાર રજુઆત કરવામાં આવી હોવા છતા તંત્ર ધ્વારા આંખ આડા કાન કરવામાં આવીરહયા છે. શુ તંત્ર આ કુવો કોઈ બાળક નો ભોગ લે તેની રાહ જોઈ રહયુ છે કે શૂ ? મોડાસા ની સરસ્વતી કુલ માં હાલ ૨૫૦૦ થી પણ વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ સ્કુલ ના આજુબાજુ ના રહીશો જયારે આ કુવામાં થી સખત દર્ગધ મારતી હોવાને લઈ ને આજુબાજુ ના રહીશો પણ આ કુવા ને લઈ ને ત્રાસી ગયા છે. જયારે આ અંગે નગરપાલિકા ના ચીફઓફીસર નો સંપક કરતાં તેમણે જવણાવ્યુ હતુ કે ભુતકાળ ના બનાવો ને ધ્યાને લઈ ને આ કુવો છેકે નહી તેની તપાસ કરાવીને આગળ ની કાર્યવાહી કરવાનો રાગ આલાપ્યો હતો.

રમતા બોરવેલ માં પડી ગયો હતો અને તંત્ર ધ્વારા લાખો રૂપીયાનો ખર્ચ કરીને એને હેમખેમ બહાર કાઢવામાં આવ્યોહતો આ ઘટના ઘટવા પછી પણ સરકારી બાબુઓ ને શુ આવા ખુલ્લા કુવા દેખાતા નહી હોય???કે પછી કોઈક બાળક આ કુવાનો ભોગ બને તેની રાહ જોઈ રહયા છે???તે તો જોવુ જ રહયુ.

સે-૨૧ના બંધ મકાનમાંથી ૧.૧૦ લાખની ઘરફોડ ચોરી

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ બ્લોક નં. ૧૨૭/૩ ખાતે રહેતા રાજેન્દ્રભાઈ પુનીયાભાઈ યાદવ પરિવાર સાથે મકાનને તાળુ મારીને બહાર ગયા હતાં. તે દરમિયાન ગત રાત્રીના સમયગાળામાં તસ્કરોએ તેમનાં બંધ મકાનને ટાર્ગેટ બનાવી લીધું હતું. મકાનમાં ઘુસીને સોના ચાંદીના દાગીના તથા રોકડ મળીને કુલ રૂ. ૧.૧૦ લાખનો મુદ્દામાલ ચોરી કરી તસ્કર ટોળકી ફરાર થઈ ગઈ હતી. મકાન માલિકની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ગુનો નોંધીને પી.આઈ. ડીંડોરે તપાસ શરુ કરી છે.

કોલેજોને જીટીયુ અભ્યાસક્રમ ભણાવવા સ્પષ્ટ સૂચના અપાઈ

અમદાવાદ,તા. ૩૧

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સાથે જોડાયેલી આઠ સરકારી ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજોને રાતોરાત ઓટોનોમસ જાહેર કરી દેવામાં આવી છે. આ કોલેજને હજુ સુધી કાઉન્સિલ અને યુજીસીની મંજુરી મળી નથી. હાલ આ કોલેજોને લઈને જીટીયુ અને ટેકનિકલ શિક્ષણ વિભાગવચ્ચે ભારે ગજગ્રાહ ચાલી રહ્યો છે. ભૂતકાળમાં જીટીયુના કુલપતિએ આ તમામ કોલેજોને લેટર લખીને જીટીયુનો સિલેબસ ભણાવવા સૂચના આપી હતી. આમ છતાં આ કોલેજોએ આ સૂચનાનું પાલન ન કરતા તાજેતરમાં ફરીવાર કોલેજોને પત્ર લખીને એવી તાકિદ કરવામાં આવી છે કે, જો હવે પછી ઓટોનોમસ કોલેજો જીટીયુનો કોર્સ ન ભણાવે તો તેની પરીક્ષા લેવા સહિતની કોઈપણ પ્રકારની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહીં. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાંથી દૂર કરીને રાતોરાત ઓટોનોમસ કરી દેવામાં આવેલી આઠ સરકારી ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજોમાં હાલ સ્વતંત્ર કોર્સ ભણાવવામાં આવી રહ્યો છે.

આ કોર્સના આધારે અલગથી પરીક્ષા પણ લેવામાં આવી હતી. પરંતુ હજુ સુધી વિદ્યાર્થીઓને માર્કશીટ આપવામાં આવી નથી. ટેકનિકલ શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને માર્કશીટ આપવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવે છે પરંતુ ક્યારે અને કેવી રીતે આપવાં આવશે તેની કોઈ સ્પષ્ટતાં કરવામાં આવતી નથી. આ કોલેજમાં અભ્યાસ કરતા પાંચ હજારથી વધારે વિદ્યાર્થીઓનું ભવિષ્ય ન બગડે તે માટે જીટીયુ દ્વારા કોમન સિલેબસ એટલે કે અન્ય કોલેજોમાં ભણાવવામાં આવે છે તે સિલેબસ ભણાવવાની સૂચના આપી હતી. સૂત્રો કહે છે કે, આ સૂચના પછી પણ ઓટોનોમસ કોલેજોએ પોતાની રીતે સ્વતંત્ર કોર્સ ભણાવવાનું શરૂ રાખ્યું હતું જેના કારણે ફરી એકવાર જીટીયુના કુલપતિ દ્વારા દરેક ઓટોનોમસ કોલેજોને એક પત્ર લખવામાં આવ્યો હતો જેમાં એવી સ્પષ્ટતા કરાઈ હતી કે, અગાઉ પણ અમે ઓટોનોમસ કોલેજોમાં જીટીયુનો કોર્સ ભણાવવા માટે તાકીદ કરી હતી.

ધોધમાર વરસાદ.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

પડી રહ્યો હતો. ચામડી બાળી નાંખે તેવો આકરો તડકો પડતા વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. બધાને એવુ જ લાગતુ હતુ કે હવે વરસાદ ગયો પરંતુ ગયા અઠવાડિયાથી ફરીથી વરસાદી માહોલ બંધાયો હતો. આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા. છેલ્લા ત્રણ દિવસથી ધૂપછાવનો માહોલ રહ્યો હતો.

કાલે આખો દિવસ વાદળો ઘેરાયા હતા પરંતુ વરસાદ ન પડતા ખુબ બફારો અનુભવાતો હતો. પંખાની નીચે પણ પરસેવાના રેલા ઉતરતા હતા. પંખો ન હોય તેવી જગ્યાએ જો થોડીવાર માટે પણ ઉભા રહીએ તો પરસેવાથી રીતસર નાહી જવાતુ હતુ. આખો દિવસ આવો જ અકળાવનારો બફારો રહ્યો હતો. જે પ્રમાણે બફારો હતો તે પ્રમાણે જ મોડી સાંજે જોરદાર વરસાદ તુટી પડ્યો હતો. લગભગ બે થી ત્રણ કલાક સુધી ધોધમાર વરસાદ પડ્યો હતો. ધોધમાર વરસાદના કારણે શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા હતા.

શહેરમાં ઘણા સ્થળોએ ગણેશ મહોત્સવનું આયોજન થયું છે. આ મહોત્સવના પંડાલોમાં પાણી ભરાતા અહીં યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમો મોકુફ રાખવાની ફરજ પડી હતી. રાત્રિ દરમિયાન પણ ઝાંપટા પડતા રહ્યા હતા. સવારે પણ સારૂ એવું ઝાપટુ અમુક વિસ્તારોમાં પડ્યું હતું.

વરસાદના આંકડાઓ પર નજર નાંખીએ તો ગઈકાલે રાત્રે ૪૬.૫ મી.મી. વરસાદ પડ્યો હતો જ્યારે સવારે ૯ મી.મી. વરસાદ પડ્યો હતો. આમ કુલ ૫૫.૫ મી.મી. વરસાદ નોંધાયો હતો. રવિવારે પણ આખો દિવસ વરસાદી વાતાવરણ રહ્યુ હતુ. જો કે નોંધપાત્ર કહી શકાય તેવો વરસાદ પડ્યો ન હતો.

જગ્યાઓ ખાલી.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

આગામી દિવસોમાં આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારમાં રજુઆત કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે કેટલીક જગ્યાઓ માટે વિકાસ કમિશનરને દરખાસ્ત કરવામાં આવી છે. તો કેળવણી નિરીક્ષક જેવી ખાલી જગ્યાઓ બઢતીથી ભરવા માટેના આર.આર. નહિ હોવાથી તેની વિપરીત અસરો શિક્ષણતંત્ર પર પડી રહી છે.

તલાટી કમ મંત્રીની જગ્યાઓ ભરવા માટે તાજેતરમાં લેવાયેલ પરીક્ષા પછી માત્ર ૮ જ કર્મચારીઓ હાજર થતાં ૧૨ જગ્યાઓ ખાલી રહેવાપામી છે તે પણ નોંધનીય છે.

ખાતા ખુલ્યા નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લામાં સમાજ કલ્યાણ શાખા દ્વારા ચાલુ સાલે શાળા પ્રવેશોત્સવ સામે એડહોક શિષ્યવૃત્તિ ૫૧૨૩ વિદ્યાર્થીઓને રૂ. ૭૯,૮૯,૫૫૦ ચુકવવામાં આવેલ છે.

જિલ્લામાં એક તરફ જન ધન યોજના અંતર્ગત નવા ખાતાં ખોલવાનું અભિયાન હાથ ધરાયું છે તે અંતર્ગત આ બાળકોને આવરી લેવાનું આયોજન હોવાનું શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે. આગામી એક જ પખવાડિયામાં આ બાળકોના ખાતાં ખોલી દેવામાં આવશે તેવી હૈયાધારણ પણ શિક્ષણ સત્તાવાળાઓએ આપી છે.

ડોક્યુમેન્ટ તૈયાર કરશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિકાસ સાધવા અને એક સૂત્રતા જાળવવા માટે હવે રાજ્ય સરકારે સામાજીક ક્ષેત્ર માટે એક કોન્સલીડેટેડ ડોક્યુમેન્ટ તૈયાર કરવાનો નિર્ણય કર્યા છે અને આ માટેની કામગીરી રાજ્ય સરકારે અરનેસ્ટ એન્ડ યંગ એલ.એલ.પી. નામની સંસ્થાને સોંપવામાં આવી છે.

કોનસોલીડેટેડ ડોક્યુમેન્ટમાં જે બાબતોનો સમાવેશ કરવામાં આવનાર છે તે બાબતો રાજ્ય સરકારના જુદા જુદા ૧૪ જેટલા વિભાગોને સ્પર્શતી હોઈ આ કામ માટે રોકવામાં આવેલ એજન્સી સચિવાલયના વિભાગો તથા તાબાની કચેરીઓની મુલાકાત લે તે સમયે એજન્સીને પુરતો સહકાર આપવા માટે સંબંધીત વિભાગોના અને તાબાની કચેરીઓના વડાઓને સૂચના આપવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ડોક્યુમેન્ટ તૈયાર કરવા માટે સામાન્ય વહિવટ વિભાગના આયોજન પ્રભાગના અગ્ર સચિવના અધ્યક્ષપણા હેઠળ એક સ્ટિયરીંગ કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટીમાં સંબંધિત ૧૪ વિભાગોએ તેઓના પ્રતિનિધિઓ નોમિનેટ કરવા પણ વિભાગોને સૂચવવામાં આવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ આ ડોક્યુમેન્ટ તૈયાર કરવાની કામગીરી ૪ માસમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ડોક્યુમેન્ટમાં મુખ્યત્વે રાજ્ય સરકાર દ્વારા ભવિષ્યમાં હાથ ધરવામાં આવનાર બાબતોને પ્રાધાન્ય અપાશે. આ ડોક્યુમેન્ટ સમય મર્યાદામાં તૈયાર થઈ શકે તે માટે શક્ય તમામ પ્રકારનો સહકાર આપવા તમામ વિભાગોના વડાઓને વિનંતી કરવામાં આવી છે.

સુવાસથી મહેંકે છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચ-માર્ગ પર જય અંબે યુવક મંડળ દ્વારા સે. ૨ ના સેવાભાવી ભાવિકો દ્વારા પણ ૨ વર્ષથી વિસામાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વિસામા પર મેડીકલ સારવાર સહિત લીંબુ પાણી અને ઠંડા મીનરલ પાણીની વ્યવસ્થા રખાઈ છે અને ૨૪ કલાકની સેવા માટે ૨૫ યુવાનો સતત કાર્યરત છે.

ચ-માર્ગ પર સેક્ટર-૭/૮ ના બસ સ્ટેન્ડ નજીક આવેલા સેવા કેન્દ્ર પર પણ મેડીકલ સારવારની વ્યવસ્થા રાખવામાં આવી છે. આ ઉપરાંત અંહી ચા-કોફી અને ગરમ નાસ્તો જેવા કે ગાંઠીયા, ભજીયાં-ગોટા, સમોસા વગેરેની સેવા સાથે પદયાત્રીઓનો થાક ઉતારવા સૂવા તેમજ બેસવા માટેની વ્યવસ્તા રખાઈ છે. આ ઉપરાંત ચ-૩ સર્કલ પાસે લાયન્સ ક્લબ દ્વારા મેડીકલ સહાય માટે સેવા કેન્દ્ર દર વર્ષની જેમ આ વખતે પણ કાર્યરત કરાયું છે. લાયન્સ ક્લબના સેવા કેન્દ્રની બરાબર બાજુમાં જ ઈન્દ્રોડા ગામના લોકો દ્વારા સેવા કેન્દ્ર કરવામાં આવ્યું છે. જ્યાં ચા-ચોકી સાથે નાસ્તાની અને પદયાત્રીઓને આરામ કરવાની વ્યવસ્થા કરાઈ છે. પદયાત્રીઓ માટે આ માર્ગ પર જિલ્લા પંચાયત પાસે જય અંબે મિત્ર મંડળ દ્વારા આયોજિત વિસામા પર પણ આરામ કરવાની અને ગરમ નાસ્તાની, પીવાનું ઠંડુ પાણી અને ચા-કોફીની વ્યવસ્થા રખાઈ છે.

પંચદેવ મંદિર આગળ પણ યુવાનો દ્વારા મોટો વોટરપ્રુફ ડોમ બાંધીને વિશાળ વિસામો તૈયાર કરાયો છે. આ શિવશક્તિ સેવા કેન્દ્ર સતત પાંચમા વર્ષે પણ પદયાત્રીઓ માટે ખીચડી-કઢી-શાકનું પાકું ભોજન જમવાની સેવા ઉપરાંત રાતવાસો રોકાણની પણ સગવડ કરવામાં આવી છે. ૨૪ કલાક ધમધમતા આ સેવા કેન્દ્ર પર ફિઝીયોથેરેપીની સારવાર પણ આપવામાં આવી રહી છે. આ ઉપરાંત સવારે ચા-નાસ્તો અને ગરમ પાપડી-ગાંઠીયા પીરસવામાં આવી રહ્યા છે. આ સેવાકેન્દ્ર પર જગદીશભાઈ ભોજક અને હસમુખભાઈ વાળાની આગેવાનીમાં યુવાનો સતત સેવા આપી રહ્યા છે. શહેરના ઘ-૬ સર્કલ પાસે ગુજરાતના કમાન્ડો અને પોલીસકર્મીઓ દ્વારા પણ વર્ષોથી સેવા કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ સેવા કેન્દ્ર પર પદયાત્રીઓને આરામથી સુવાની વ્યવસ્થા સાથે ઈડલી-સાંભાર પીરસવામાં આવે છે. તેમજ ચા-કોફી અને કોરો નાસ્તો અપાય છે. આ સેવા કેન્દ્રની વિશેષતા એ છે કે શાતિર કમાન્ડો જેનાથી ગુનેગારો ફફડી ઉઠે છે તેઓ અહીં પદયાત્રીઓના પગ પર તેલની માલીશ કરતા દેખાય છે.

નગરના ક માર્ગ પર પદયાત્રીઓનો ટ્રાફિક સૌથી વધુ હોય છે. અહીં ક-૫ સર્કલ પાસે જીઆઈડીસી પરિવાર દ્વારા સતત ૨૧મા વર્ષે વિસામો કરવામાં આવ્યો છે. આ વિસામા પર ગાંઠીયા-બુંદી તે પણ વઢવાણી આથેલા મરચા સાથે અપાય છે. આ ઉપરાંત ચા-કોફી અને ઠંડી છાશની વ્યવસ્થા કરાઈ છે. આ રોડ પર વધુ એક જાણીતા સેવા કેન્દ્રમાં મધુર ડેરીનું નામ આવે છે. મધુર ડેરી પરિવાર દ્વારા અહીં પદયાત્રીઓને ઠંડી છાશ અને દાબેલી પીરસવામાં આવે છે અને આ વિસામો પણ ૨૦ વર્ષથી અવિરત પણે ચલાવાઈ રહ્યો છે. આ રોડ પર રાંધેજા તરફ જતા પણ અનેક વિસામા કરવામાં આવ્યા છે. આમ નગરજનો દ્વારા અંબાજીના મેળામાં અંબાના દર્શને જતા શ્રદ્ધાળુ પદયાત્રીઓની સેવા અને આગતા-સ્વાગતા કરી પોતે ભલે ચાલતા જઈ ના શકે પણ છંતા માતાની ભક્તિ કર્યાનો સંતોષ મેળવી રહ્યા છે.

શબ્દાવલી - ૫૪૯૨



આડી ચાવી

૧. સુઝબુઝ (૪)
૩. ઉનુ, ઉષ્ણ (૩)
૭. સાચેસાચ (૪)
૯. ગોયણા (૨)
૧૧. સાર, સત્ત્વ (૨)
૧૩. કાનમાં પહેરાતી રીંગ (૨)
૧૪. જરૂર (૨)
૧૬. બિહામણુ, મોટુ વિશાળ(૪)
૧૭. સોબત તેવી... (૩)
૧૮. લગ્નપ્રસંગ (૩)
૧૯. વૃદ્ધી થવી, ... થવી (૩)
૨૧. પેન, લેખીની (૨)
૨૨. આ કાંટાવાળા ઝાડના દાતણ થાય (૩)
૨૩. શોધ, તપાસ (૩)

ઊભી ચાવી

૧. આકાશ, નભ (૩)
૨. વાયર, વાળો (૨)
૩. ફુલછોડ વાવવાનું કુંડુ (૩)
૪. ખજુર સુકવીને બનાવાય(૩)
૫. ક્ષાર, પાણીમાં થતી છારી (૨)
૮. ચુરમાના લાડુ પર... લગાવાય (૪)
૧૦. આકુળ-વ્યાકુળ (૬)
૧૨. ઉગ્ર, વધારે તેજ (૩)
૧૫. પાળીપોષીને મોટું કરવું(૫)
૧૬. મજબૂર, લાચાર (૩)
૧૭. આજનું કામ.... ઉપર ના છોડવું જોઇએ (૨)

શબ્દાવલી ૫૪૯૧ના જવાબ

આડી ચાવી :- (૧) પનિહારી (૪) રમત (૭) મતમતાંતર (૮) તીર (૧૦) મહંત (૧૨) જણસ (૧૪) નભ (૧૫) નીગરાની (૧૮) કમનીય (૧૯) વજીફો (૨૨) તળેટી

ઊભી ચાવી :- (૧) પડતી (૨) હામ (૩) રીતભાત (૪) રતાંધળુ (૫) મત (૬) તરબતર (૯) રમણભમણ (૧૧) હંસ (૧૨) જનક (૧૩) માંગ (૧૫) નીયત (૧૬) રાવટી (૧૭) નીજી (૨૦) ફોલ

ટાઈમ લાઈન ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થયેલું છે. આ એક એવી ટાઈગર સેન્ચ્યુરી છે કે જયાં વાઘ નથી, માત્ર ડોલર પેદા થાય છે...

લ્યો હવે, નાણાં બચાવો અભિયાન ...

ગુજરાત સરકારની તિજોરી નાણાંથી તરબતર છે છતાં ફાયનાન્સ ડિપાર્ટમેન્ટ તરફથી કરકસરના પગલાંની સીધી સૂચના આપવામાં આવતા વિભાગોને આશ્ચર્ય થયું છે. તાજેતરમાં એક સૂચના બહાર પાડીને ફાયનાન્સ ડિપાર્ટમેન્ટે જણાવ્યું છે કે નવી જગ્યાઓ ઉભી કરવી નહી. ખાલી જગ્યાઓ ભરવા ઉપર નિયંત્રણો રાખવા. વહીવટી ખર્ચમાં ઘટાડો કરવો. રાજ્ય કે રાજ્ય બહારના પ્રવાસ ઉપર નિયંત્રણો રાખવા. નવા ફર્નિચર અને ઈલેક્ટ્રોનિક્સના સાધનો ખરીદવા નહી. આ સૂચનાઓ સચિવાલયમાં ફરતી થઈ છે અને તેનું પાલન કરવા જણાવાયું છે. ફાયનાન્સ ડિપાર્ટમેન્ટની પૂર્વમંજૂરી લેવાનું પણ ફરજીયાત બનાવવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે કરકસરની સૂચના આપતો છેલ્લો આદેશ ૨૦૦૭માં બહાર પાડવામાં આવ્યો હતો અને હવે ૨૦૧૪માં તેમાં સુધારા વધારા કરીને નવો આદેશ બહાર પાડવામાં આવ્યો છે...

વિપુલ મિત્રા ગયા, અમિતાભ ત્યાં જ છે...

ગુજરાત ટુરિઝમ ડિપાર્ટમેન્ટમાં રાતોરાત વિપુલ મિત્રાની બદલી થઈ ચૂકી છે. એક બાજુ અમિતાભની એડ ફિલ્મોનો કોન્ટ્રાક્ટ પૂર્ણ થયો અને બીજી બાજુ ઉચ્ચ આઈએએસ ઓફિસર મિત્રા પણ બદલાઈ ગયા. આ એ જ વિપુલ મિત્રા છે કે જેઓ અમિતાભ બચ્ચનને મળવા માટે અનેકવાર તેમના મુંબઈના ઘરે જઈ આવ્યા છે. સચિવાલયમાં ટુરિઝમ ડિપાર્ટમેન્ટના સેક્રેટરીની ઓફિસ જોઈએ તો લાગે કે કોઈ સિનેમાગૃહમાં આપણે આવી ચઢ્યા છીએ. વિપુલ મિત્રાએ ઓફિસની અંદર અને બહાર લોબીમાં ટુરિઝમને પ્રમોટ કરતા અમિતાભ બચ્ચનના મોટાકદના ફોટા દિવાલ ઉપર લગાવેલા છે. તેમની જગ્યાએ હવે સોનલ મિશ્રા આવ્યા છે. અત્યારે તો આ ફોટા દિવાલો ઉપર મોજૂદ છે પણ દૂર થાય તો નવાઈ નહી...

કેરાલા સ્ટેટ ગુજરાતના પંથે...

મહાત્મા ગાંધીજી કહેતા હતા કે દારૂ એ સોશ્યલ એવિલ છે તેથી તેની ઉપર પાબંધી રાખવી એ જરૂરી છે. તેમની ઈચ્છા હતી કે સંપૂર્ણ ભારતમાં દારૂબંધીનો કાયદો લાગુ કરવામાં આવે પણ તેમ થઈ શક્યું નહી. એકલા ગુજરાતે તેનો અમલ કર્યો. હવે કેરાલા રાજય મેદાનમાં આવ્યું છે. ૨૧મી ઓગષ્ટે કેરાલાના ચીફ મિનિસ્ટર ઓમન ચાન્ડીએ રાજયમાં દારૂબંધી જાહેર કરી છે પણ તે ફેઈઝ વાઈઝ છે. યાદ રહે કે કેરાલા એ ટુરીઝમ સ્ટેટ છે છતાં આ પ્રકારનો કડક નિર્ણય લેવામાં આવ્યો છે. કેરાલાના ચીફ મિનિસ્ટર ધન્યવાદને પાત્ર છે...

રાજય અલગ થતાં નિતી બદલાઇ...

બોમ્બે સ્ટેટ સમયે ૧૯૪૮ થી ૧૯૫૦ દરમ્યાન પ્રોહિબિશનના ઓર્ડર હતા, ત્યારબાદ ૧૯૫૮માં પ્રોહિબિશનનો અમલ શરૂ કરવામાં આવ્યો હતો. ૧લી મે-૧૯૬૦માં જયારે બોમ્બે સ્ટેટમાંથી ગુજરાત અલગ થયું ત્યારે ધ બોમ્બે પ્રોહિબિશન એક્ટ-૧૯૪૯નો અમલ બન્ને રાજયો ગુજરાત અને મહારાષ્ટ્રે કરવાનો હતો, જો કે ગુજરાતે અમલ જાળવી રાખ્યો છે. મહારાષ્ટ્રે અમલ કર્યો નથી. ભારતમાં હાલ ગુજરાત, નાગાલેન્ડ, મણીપુર અને લક્ષ્યદ્વિપમાં દારૂબંધી છે. હવે કેન્દ્રની ભાજપ સરકાર ઈચ્છે તો ભારતભરમાં ગાંધીજીના આદર્શને અમલમાં મૂકી શકવાની ક્ષમતા ધરાવે છે...

વાયબ્રન્ટ સમિટ પહેલાં ૪૦ પ્રિ-સમિટ...

સાતમી ગુજરાત વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ જાન્યુઆરી-૨૦૧૫માં યોજાવાની છે તે પહેલાં ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલે રાજયમાં ૪૦ જેટલી પ્રિ-સમિટનું આયોજન કર્યું છે જેમાં ૧૦ સમિટ નેશનલ અને ઈન્ટરનેશનલ કક્ષાની છે. પહેલી સમિટ ૧૭-ઓક્ટોબરના રોજ સ્પોર્ટ્સ એન્ડ યુથ કલ્ચર ડિપાર્ટમેન્ટ તરફથી યોજવામાં આવી છે. અન્ય પ્રિ-સમિટ ફોરેસ્ટ, ટુરિઝમ, રિન્યુએબલ એનર્જી, વાઈલ્ડલાઈફ અને ઈકો ટુરિઝમ જેવા ક્ષેત્રો માટે યોજાશે. તમામ સમિટનો ભાર હવે એડિશનલ ચીફ સેક્રેટરી ડી. જે. પાંડિયનના માથે છે, જેમને મદદ કરશે ઈન્ડસ્ટ્રીઝ કમિશનર મમતા વર્મા...

સાયકલ યાત્રા આખા રાજયમાં કેમ નહી...

ગુજરાતના પાટનગરમાં સાયકલ શેરીંગ અને સાયકલ ટ્રેકનું આયોજન કરવામાં આવ્યું છે. ૩૨.૮૦ કરોડના આ પ્રોજેક્ટમાં પાટનગરની સડકો ઉપર ૬૨ કિલોમીટરનો સાયકલ ટ્રેક બનશે, પરંતુ આ પ્રોજેક્ટ આખા ગુજરાતમાં શરૂ થઈ શકે તેવો છે. આ પ્રોજેક્ટને ગુજરાતમય કરવાની આવશ્યકતા છે. આપણા અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ એવા સિટી છે કે જયાં કેટલીક જગ્યાએ ગાડીઓ પ્રવેશી શકતી નથી ત્યાં સાયકલ સવારી કામ લાગે છે. અમદાવાદના રિલીફરોડ કે ગાંધીરોડ ઉપર સાયકલ શેરીંગનો પ્રોજેક્ટ ખૂબ આકર્ષક બની રહે તેવો છે. યાદ રહે કે અમદાવાદ જયારે માન્ચેસ્ટર કહેવાતુ હતું ત્યારે કાપડની મીલોના કામદારોની પાળી બદલાય એટલે આખો માર્ગ સાયકલ થી હર્યોભર્યો રહેતો હતો...

અમિત શાહનું નેક્સ્ટ મિશન ક્યું છે...

ગુજરાતના સિનિયર નેતા અને ભાજપના રાષ્ટ્રીય પ્રેસિડેન્ટ અમિત શાહનું નેક્સ્ટ મિશન ક્યું છે તેવો સવાલ કોઈ કરે તો સીધો જવાબ છે, કોંગ્રેસને તોડવાનું... કોંગ્રેસના જે નેતાઓ પાર્ટીમાં દુખી છે તેમનો સંપર્ક કરીને ભાજપમાં સામેલ કરવાનો તેમનો મોટો પ્લાન છે. ગુજરાતમાં તેમણે નરહરિ અમીન, વિઠ્ઠલ રાદડિયા જેવા મોટા ગજાના સિનિયર લિડરોને ભાજપમાં ભેળવીને સફળતા હાંસલ કરી તેવી રીતે ઓલ ઈન્ડિયા લેવલે તેઓ કોંગ્રેસના નેતાઓને ભાજપમાં ભેળવવાનો પ્લાન બનાવી રહ્યાં છે. ગુજરાત પછી દેશના અન્ય રાજયોમાં કોંગ્રેસના નેતાઓ ઉપર તેમની નજર છે, કે જેમને પાર્ટીએ અન્યાય કર્યો છે અથવા તો સાઈડલાઈન કર્યા છે...

લ્યો, હવે ગુજરાતના જંગલમાં વાઘ આવશે...

ગુજરાતમાં છેલ્લો વાઘ ૧૯૮૨માં દેખાયો હતો એવું જંગલ ખાતાના રેકોર્ડમાં છે. આ વાઘ અંબાજી પંથકમાં હતો. આજે ગુજરાતમાં ૪૧૧ સિંહો છે પણ વાઘ એકેય નથી. વાઘની સેન્ચ્યુરી કચ્છના બન્નીના ઘાસિયા મેદાનોમાં બની શકે છે. ડાંગના જંગલોમાં વાઘ વસાવી શકાય છે. સાબ